Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## વહીવટી / બિનશૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા અંગે સૂચના

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા જાહેરાત ક્રમાંક : No.: GAD/GIA/ Emp. Notice /7370/2017, તા.૦૨/૦૫/૨૦૧૭થી નીચે મુજબની વહીવટી/ બિનશૈક્ષણિક જગ્યાઓ માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી.

| Sr. No. | Name of the Post | Number of Post(s) | Category | | | |
|---|---|---|---|---|---|---|
| | | | SC | ST | SEBC | Open/General |
| 1 | Librarian (University) (4th Attempt) | 01 | | | | 1 |
| 2 | Deputy Registrar | 01 | | 1 | | |
| 3 | Deputy Accountant (4th Attempt) | 01 | | | | 1 |
| 4 | Assistant Accountant | 01 | | | | 1 |
| 5 | Junior Clerk/Typist | 08 | 1 | 2 (1-woman) | | 5 (1-woman) |
| 6 | Laboratory Assistant (Chemistry) | 04 | 1 | 1 | | 2 (1-woman) |
| 7 | Laboratory Assistant (Physics) | 01 | | | 1 | |

ઉપરોકત જગ્યાઓ પૈકી ક્રમ નં.(૩) થી (૭) સુધીની વર્ગ–૩ ની જગ્યાઓ માટે ઉમેદવારોએ પસંદગી પામવાના હેતુસર યુનિવર્સિટીના નિયમોનુસાર લેખિત કસોટી તથા કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ ની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. જે સંદર્ભે ઉમેદવારોએ નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવી.

### (૧) પરીક્ષા પધ્ધતિ :

ક્રમ-(૩) થી (૭) સુધીની વર્ગ-૩ ની જગ્યાઓ ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે પેપર-૧ ની ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિની હેતુલક્ષી પ્રશ્નોવાળી લેખિત કસોટી આપવાની રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

### (અ) પેપર-૧ લેખિત કસોટી :

ઉપરોકત જગ્યાઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ તમામ લાયકાતના ધોરણો (શૈક્ષણિક લાયકાત,અનુભવ તેમજ ઉંમર)પરીપૂર્ણ કરતા ઉમેદવારોએ નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિથી, હેતુલક્ષી પ્રશ્નોની લેખિત કસોટી આપવાની રહેશે.જે લેખિત કસોટીના અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ધોરણ-૧૨ ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (OMR) રહેશે.

**કુલ પ્રશ્નો : ૧૦૦, કુલ ગુણ : ૧૦૦, સમય : ૧ કલાક ૩૦ મિનિટ રહેશે.**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન | ૨૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ | ૦૫ |
| ૩ | ગાણિતિક કસોટીઓ, તાર્કિક કસોટીઓ | ૦૫ |
| ૪ | કમ્પ્યુટરને લગતા પ્રશ્નો | ૧૦ |
| ૫ | સંબંધિત જગ્યાને લગતી કામગીરી / વિષયને અનુરૂપ પ્રશ્નો :-<br>**(૧) જુ.કલાર્ક/ટાઈપીસ્ટ જગ્યા માટે**<br>- યુનિવર્સિટીના સમગ્ર સંચાલન / વહીવટ સંબંધિત બાબતોની માહિતી<br>**(૨) લેબોરેટરી આસિસ્ટન્ટ (રસાયણશાસ્ત્ર / ભૌતિકશાસ્ત્ર) જગ્યા માટે**<br>- યુનિવર્સિટી તેમજ વિભાગને સંબંધિત બાબતોની માહિતી<br>- સંબધિત વિષય અને કામગીરીને લગતા વિષયો (રસાયણશાસ્ત્ર /ભૌતિકશાસ્ત્ર) ની માહિતી<br>**(૩) નાયબ હિસાબનિશ અને મદદનીશ હિસાબનીશ જગ્યા માટે**<br>- યુનિવર્સિટી તેમજ વિભાગને સંબંધિત બાબતોની માહિતી<br>- હિસાબી કામકાજને લગતી સમગ્ર વિષયોની માહિતી | ૬૦ |
| | કુલ ગુણ : | ૧૦૦ |

(i) લેખિત પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
(ii) દરેક પ્રશ્નના ચાર વિકલ્પ (Option) રહેશે તેમજ દરેક ખરા જવાબનો ૦૧ (એક) ગુણ મળવાપાત્ર રહેશે.
(iii) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
(iv) નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

**(બ) પેપર-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી (પ્રેકટીકલ ટેસ્ટ) :**

**નોંધ: પ્રથમ કસોટી પેપર –૧માં ઉર્તીણ થનાર ઉમેદવારોએ પેપર-૨ ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ (પ્રેકટીકલ ટેસ્ટ)આપવાની રહેશે.**

**(૧)જુ.કલાર્ક/ટાઈપીસ્ટ , લેબોરેટરી આસિસ્ટન્ટ (રસાયણશાસ્ત્ર / ભૌતિકશાસ્ત્ર) માટે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ**

કુલ ગુણ : ૫૦, સમય ૧ કલાક

| વિષય | ગુણ |
|---|---|
| માઇક્રોસોફ્ટ એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ |
| ઈમેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૦૫ |
| માઇક્રોસોફ્ટ પાવર પોઇન્ટ | ૦૫ |
| માઇક્રોસોફ્ટ વર્ડ પ્રોસેસરમાં ગુજરાતી ટાઇપીંગ (LMG Arun font / Shruti font / Gujarati Indic) | ૧૫ |
| માઇક્રોસોફ્ટ વર્ડ પ્રોસેસરમાં અંગ્રેજી ટાઇપીંગ | ૧૫ |
| કુલ ગુણ : | ૫૦ |

**(૨) નાયબ હિસાબનીશ અને મદદનીશ હિસાબીનીશ માટે કોમ્પ્યુટરાઈઝ હિસાબી પ્રેકટીકલ ટેસ્ટ**

કુલ ગુણ:૫૦,સમય ૧ કલાક

| વિષય | ગુણ |
|---|---|
| Tally એકાઉન્ટીગ સોફટવેરમાં હિસાબી વ્યવહારો, ઈન્કમટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ તેમજ તેની આવક–જાવક, તેમજ પાકા સરવૈયા પર થતી અસરો | ૪૦ |
| માઇક્રોસોફ્ટ એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ |
| કુલ ગુણ : | ૫૦ |

(૨) ઉમેદવારોની આખરી પસંદગી યાદી માટે નીચે મુજબ મેરીટ તૈયાર કરવામાં આવશે.

| ક્રમ | પેપર | કુલ ગુણ | ભારાંક |
|---|---|---|---|
| ૧ | પેપર–૧ | ૧૦૦ | ૬૦% |
| ૨ | પેપર–૨ | ૫૦ | ૨૦% |
| ૩ | અનુસ્નાતક પદવી<br>સંબધિત જગ્યાની લઘુત્તમ લાયકાત ઉપરાંતની વધારાની પ્રત્યેક અનુસ્નાતક પદવી માટે ૦૫ ગુણ (૧૦ ગુણ ની મર્યાદામાં) | ૧૦ | ૧૦% |
| ૪ | અનુભવ<br>એક વર્ષના અનુભવ માટે એક(૦૧) ગુણ<br>(૧૦ ગુણ ની મર્યાદામાં)<br>**<u>નોંધ:</u>** સંબંધિત જગ્યા / કામગીરીને અનુરૂપ અનુભવનેજ ધ્યાનમાં લેવામાં આવશે. | ૧૦ | ૧૦% |
| | | | ૧૦૦% |

(૩) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક : પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪, તા.૨૩/૭/૨૦૦૪ ની જોગવાઇઓ ધ્યાને લઇ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરી (બિનઅનામત) ની જગ્યા સામે સરભર કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

(૪) ઉમેદવાર પોતે ઉપરોકત જગ્યાઓની મેરીટ યાદી / પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકકદાર થશે નહિ. સરકારશ્રી / યુનિવર્સિટીના વખતો વખતના ઉપરોક્ત જગ્યાઓના ભરતી નિયમો તેમજ ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીમાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું ઉપરોકત વિગતો મુજબનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની મેરીટ ક્રમ / પસંદગી ક્રમ (Order of Preference) ને આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી / જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

**તા.૧૭/૦૭/૨૦૧૭** **ઈ.ચા.કુલસચિવ**